### શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ગાંધીનગર ખાતે

# શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૯

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સેકટર.૩૦, ગાંધીનગરમાં શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિદ્યાલયના પ્રાચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. મુખ્ય વક્તા તરીકે રોટરી કલબના પૂર્વ પ્રમુખ તથા દાર્શનિક વિદ્વાન અરવિંદભાઈ રાણા તથા સહવક્તા તરીકે વૈદિક પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યાં હતાં.આ કાર્યક્રમમાં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સેવાઓ આપતા શિક્ષકો ઉપરાંત આ જ સંકુલમાં કાર્યરત અંગ્રેજી માધ્યમની શાળાના શિક્ષકોએ પણ ઉપસ્થિત રહી જ્ઞાનાર્જન કર્યુ હતું.

વૈદિક પ્રવકતા અરવિંદભાઈ રાણાએ મુખ્ય વકતા તરીકે ઉદબોધન કરતા કહ્યું હતું કે સારો શિક્ષક એને કહેવાય જે હમેશા પોતાના જ્ઞાનને અપગ્રેડ કરતો રહે, પોતાના પસંદગીના વિષયમાં વધુ ઉંડાણમાં જઈ વિશેષ ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરતો રહે. શિક્ષક કોમ્યુનીકેશન સ્કીલમાં એકસપર્ટ હોવો જ જોઈએ. બાળકોને તેઓ સમજી શકાય તેવી સરળ ભાષામાં અને સરળ શૈલીમાં જ્ઞાન આપવું જોઈએ. શાળામાં અભ્યાસ કરતા બાળકોનું કદી બધા વચ્ચે માન ન ઘવાય તેનું શિક્ષકે ધ્યાન રાખવું જોઈએ. બાળકો હમેશા પોતાના પ્રત્યે હકારાત્મક બન્યા રહે તેવા



પ્રકારનું સકારાત્મક અને પ્રોત્સાહક વર્તન શિક્ષકનું હોવું જોઈએ. પોતાની વાણી કે વર્તનથી કોઈ રોન્ગ મેસેજ સમાજ કે પરિવારમાં ન જાય તે બાબતે પણ પ્રત્યેક શિક્ષિકે જાગૃત બન્યા રહેવું જોઈએ. જ્ઞાન આપવાનું ખૂબ પવિત્ર અને રિસ્પેકટેડ કાર્ય છે, તેને કોઈ પ્રકારનું લાંછન ન લાગે તે જોવાનું રહે છે. આ ઉપરાંત તેમણે શિક્ષકોને કન્વીસીંગ પાવર વધારવા જણાવ્યું હતું. પ્રવચનના અંતિમ ભાગમાં શિક્ષકોને ધ્યાનનું મહત્વ તથા લાભ વિષે સમજ આપી પ્રતિદિન ધ્યાન કરવા અનુરોધ કર્યો હતો. વૈદિક પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધીએ ઉપસ્થિત શિક્ષિકોને સંબોધતા કહ્યું હતું કે સાચો શિક્ષક રાષ્ટ્રના ભવિષ્યનું ઉત્તમ રીતે ઘડતર કરનાર મહાન શિલ્પી છે. બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિને ઉજાગર કરી સમાજમાં ઉત્તમતાનું પ્રસારણ કરવાનું કામ શિક્ષકોના શીરે છે. પોતાનામાં રહેલ જ્ઞાનનું વિદ્યાર્થીઓમાં કયા પ્રકારે સીધેસીધું પૂર્ણતઃ સ્થળાંતર કરી શકાય તે બાબતે શિક્ષકોએ વિશેષ પુરુષાર્થ કરવાનો રહે છે.

જયાં સુધી શિક્ષક પોતે એક ઉત્તમ ગુણવાળો, શ્રેષ્ઠ આચાર-વિચાર-વ્યવહારવાળો ન બને ત્યાં સુધી તે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ બનાવી ન શકે. સર્વપ્રથમ પ્રત્યેક શિક્ષકે અન્યને સુધારતા પહેલા પોતાની જાતને સુધારવી પડશે. તે માટે તેણે એકાંતમાં જઈ આત્મનિરીક્ષણ કરી પોતાની જાત સાથે મુલાકાત લેવી પડશે. અન્ય ઉપર દોષારોપણ કરતાં પહેલા પોતાના દોષો-ભૂલો શોધી તેમાં સુધાર કરવો પડશે.

પ્રવચન પૂર્વે શિક્ષિકાગણ દ્વારા બંને અતિથિ મહાનુભાવનો આદર સત્કાર કર્યો હતો. વિદ્યાલયના પ્રાચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ મંચ સંચાલનની સાથે અંતમાં આભાર વિધિ સંપન્ન કરેલ.

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી સ્મિત મ્યુઝિક ગાંધીનગર દ્વારા

# ‘સાજીંદા શોભા ગાંધીનગર સંગીત જલસો’ યોજાયો





સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી ‘સાજીંદા શોભા ગાંધીનગર સંગીત જલસો’ કાર્યક્રમ ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. ગુજરાતી-હિન્દી ફિલ્મી ગીતોની આ મહેફિલમાં નવોદિત વાદ્યકારો ઉપરાંત જાગૃત, મેઘ, દક્ષિલ, ઓમ, પાર્થ, અજયકુમાર, સુશીલકુમાર, હિમાંશુ, ખુશાલ, સતુભા, રાજુભાઈ, કિશોરભાઈ, જયદત્ત, રીનાબેન, જયમાલિનીબેન વગેરેએ ગાયનોની પ્રસ્તુતિ કરી હતી. મહેશ ઓરકેસ્ટ્રા, અમદાવાદ દ્વારા ઓરકેસ્ટ્રાની સંગત આપવામાં આવી હતી. નરેશ વોરાએ હાસ્ય રસની પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમને માણવા ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, નાયબ કલેકટર તૃપ્તિ વ્યાસ, જગતભાઈ કારાણી, કિશોર કલાસીસના ડૉ. અજય, સંજય થોરાત, કેતનભાઈ પટેલ, ચેતન સુખડિયા, પદમસિંહ તથા શહેરના ગીત-સંગીતરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

### મેડિકલ કાઉન્સિલ દ્વારા મગાવાઈ

## આર્થિક અનામત માટે નવેસરથી અરજીઓ

ગાંધીનગર, તા. ૯

મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં દરેક મેડિકલ કોલેજો પાસેથી EWS અંતર્ગત નવેસરથી અરજીઓ મગાવવાનું શરૂ કર્યુ છે. જેમાં દરેક કોલેજોને ૫૦ બેઠકનો વધારો આપવામાં આવશે. આ પ્રક્રિયામાંથી ૨૫૦ બેઠક ધરાવતી મેડિકલ કોલેજોને બાકાત રાખવામાં આવી હતી. ગુજરાતની પાંચ સરકારી મેડિકલ કોલેજ પણ આ પ્રક્રિયામાંથી બાકાત રહે તેવી સ્થિતિ ઊભી થતાં સરકારે આ બેઠકો માટે રજૂઆત કરવાનું નક્કી કર્યુ છે. મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે EWS લાગુ કર્યા બાદ જુદા જુદા રાજ્યો દ્વારા તેનું અર્થઘટન અલગ અલગ રીતે કરાતું હતું. તેથી કાઉન્સિલે તાજેતરમાં દરેક કોલેજો પાસેથી નવેસરથી દરખાસ્ત મગાવી છે. જેમાં ૫૦ બેઠકની ૧૦૦ અને આ રીતે ૨૦૦ બેઠક હોય તે કોલેજોની બેઠક ૨૫૦ કરી દેવાનું નક્કી કરાયું છે. જે કોલેજની બેઠકો ૨૫૦ હોય તેવી કોલેજોને આ પ્રક્રિયામાંથી દૂર રાખવામાં આવી છે.

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે

## રૈયોલી ડાયનોસોર પાર્ક ઈન્ટરપ્રિટેશન સૅન્ટરનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણીના વરદહસ્તે સવારે રૈયોલી ડાયનોસર પાર્ક ઈન્ટરપ્રિટેશન સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ રૈયોલી ડાયનોસોર પાર્ક ઈન્ટરપ્રિટેશન સેન્ટર મહીસાગરમાં આવેલા બાલાસિનોર તાલુકામાં આવેલું છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લાના અધિકારીઓને સોંપવામાં આવેલી તમામ કામગીરીના સંકલનમાં રહીને ટીમવર્ક સાથે કામગીરીને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ડાયનાસોર પાર્કતો બીજી બાજુ રાજ્યની પોલીસ દ્વારા સુરક્ષાને પણ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. તેમજ તમામ સ્થળો પર પોલીસનો ચાંપતો બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.આ પાર્ક લગભગ ૭ કરોડ રૂપિયાના ખર્ચે ૫૨ એકરમાં તૈયાર કરવામાં આવ્યું છે.

ફોસીલ પાર્કથી લોકોને ડાઈનોસોર્સના રહેઠાણ, ટેવ, ખોરાક, જીવન પદ્ધતિ અને તેમના અંત વિશે માહિતી મળશે. ૨૦૦૩માં રૈયાળીમાંથી ડાઈનોસોર્સની લગભગ ૭ પ્રજાતિઓ શોધી કાઢવામાં આવી હતી. જેમાં અવશેષ, હાડકા, અને ઈંડા મળી આવ્યા હતા. આ કાર્યક્રમ પ્રસંગે રાજ્યના આદિજાતિ વિકાસ, મહિલા અને બાળકલ્યાણ પ્રધાન ગણપતભાઈ વસાવા, પ્રવાસન અને મત્સ્ય ઉદ્યોગ પ્રધાન જવાહર ચાવડા, રાજયકક્ષાના કૃષિપ્રધાન જયદ્રથસિંહ પરમાર, રાજ્યકક્ષાના પ્રવાસન શૈક્ષણિક અને સામાજીક પછાત વર્ગોનું કલ્યાણ પ્રધાન વાસણભાઈ આહિર, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, ગુજરાત રાજ્ય મહિલા આયોગના ચેરપર્સન લીલાબેન અંકોલીયા, અન્ન અને નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઈ પાઠક, ધારાસભ્યો, મહિસાગર જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન, પ્રવાસન વિભાગના અગ્ર સચિવ એસ. જે. હૈદર, જિલ્લા કલેક્ટર આર.બી બારડ અને ગુજરાત પ્રવાસન નિગમના ડિરેક્ટર જેનુ દેવન ઉપસ્થિત રહ્યા હતા.

# યુનિક યુ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઈનોવેશન સ્પર્ધા

ગાંધીનગર, તા. ૯

ધ ગુડ હ્યુમન બીઈંગ ફાઉન્ડેશન, ગાંધીનગર - યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ગ્રામ્ય વિસ્તારના સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજી-ઈનોવેશનની વિશિષ્ટ સ્પર્ધા - આરપીએલ ૨૦૧૯ રોબોટિક્સ સિઝન-૧નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈડરની આસપાસના ૬ ઝોનના ૬૦ જેટલાં ગામોની ટીમો આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે. આ અનોખા આયોજનના સંવર્ધક તરીકે ગુજરાતની ખ્યાતિપ્રાપ્ત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય તથાત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી ઉપરાંત એન્ક્યુબ લેબ, ઈન્ડિયા જેવી સંસ્થાઓ છે.



રૂરલ પ્રિમિયર લીગમાં ગામડાંની સરકારી સ્કૂલથી માંડીને દિવ્યાંગ જેવા તમામ બેક ગ્રાઉન્ડ ધરાવતા સભ્યોની ટીમો ઝોનલ રાઉન્ડ અને ફાઈનલ રાઉન્ડમાં તેમનો સંસ્થા દ્વારા અપાયેલ રોબોટીક્સની કિટનો ઉપયોગ કરી એકબીજા સાથે સ્પર્ધા કરી ચેમ્પિયનશીપ જીતવા પ્રયત્ન કરશે. આ રીતે ઉનાળાના વેકેશનનો સદ્દુપયોગ ટેકનોલોજી શીખી ૨૧મી સદીના કૌશલ્યો કેળવી વિદ્યાર્થીઓ ગ્રામ વિસ્તારમાં એક નવીન હકારાત્મક વાતાવરણનું સર્જન કરશે. ઝોનલ અને ફાઈનલ રાઉન્ડના વિજેતાઓને ટેકનોલોજીની રૂા. ૫૧ હજારની એડવાન્સ કિટ્સ જે તે ગામના સરપંચને તેમના ગામના વિદ્યાર્થીઓના ઉપયોગ માટે એનાયત કરવામાં આવશે, જેની તાલીમ માટે વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે. રૂરલ પ્રિમિયર લીગમાં ટેકનોલોજીનો સહકાર એન્ક્યુબ લેબ. ઈન્ડિયા દ્વારા આપવામાં આવી રહ્યો છે.

ફાઈનલ રાઉન્ડમાં લક્ષ્મણપુરા, મોહનપુરા, લાલપુર, વસાઈ, કેશરગંજ, કૂબધરોલ, પનોલ, દિયોલી. ચિત્રોડા, રૂદરડી, હિંમતપુર, મોટી વડોલ, માનગઢ, વિરપુર, ઉમેદપુરા, કાવા, વેરાબર, રાવોલ, ઓડા, સાપાવાડા, હીરગંગા સોસાયટી (ઈડર) રાધે બંગલોઝ, અતિશય વિલા જેવી ટીમોએ ભાગ લીધો હતો.

આ ફાઈનલ રાઉન્ડમાં ઉદ્યોગપતિ દિનેશસિંહ ચાવડા, ડૉક્ટર અરૂણભાઈ પરીખ, ઉદ્યોગ સાહસિક અનંત પટેલ, ઉદ્યોગપતિ દીપકભાઈ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. શ્રી આંજણા હિતવર્ધક મંડળના પ્રમુખ જીતુભાઈ દેસાઈ અને ઈડર બ્રહ્માકુમારીઝનાં વર્ષાબેન આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સ્કૂલ્સમાં આભડછેટ દૂર કરવા રાજ્ય પ્રયાસરત

ગાંધીનગર, તા. ૯

શાળાઓમાં મધ્યાહ્ન ભોજનમાં વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની આભડછેટ ન થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. મધ્યાહ્ન ભોજન વખતે વિદ્યાર્થીઓને નંબર પ્રમાણે એક જ હરોળમાં બેસાડવામાં આવશે. ઉપરાંત, શાળામાં પાણીના અલગ અલગ માટલાં-પ્યાલાં કે કોઈ પણ પ્રકારની આભડછેટ જણાશે તો સ્કૂલના મુખ્ય શિક્ષક સામે દંડની કાર્યવાહી કરવામાં આવશે. તાજેતરમાં ગુજરાત આભડછેટ મુક્ત થાય તે માટે નાની દેવતી મુકામે અધિવેશન મળ્યું હતું. જેમાં ૧૦ ઠરાવ કરવામાં આવ્યા હતા. આ ઠરાવ પૈકી એક ઠરાવ સ્કૂલોમાં આભડછેટ અંગે પણ હતો. આ ઠરાવનો હવે શિક્ષણ વિભાગ દ્વારા અમલ કરવાનું નક્કી કરાયું છે. જેને લઈને શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર કરી અમલ કરવા માટે સૂચના આપી છે.

બુદ્ધપૂર્ણિમાના દિવસે ગુજરાત આભડછેટ મુક્ત થાય તે માટે નાની દેવતી મુકામે દલિત શક્તિ કેન્દ્રમાં અધિવેશન મળ્યું હતું. આ અધિવેશનમાં આભડછેટ દૂર કરવા માટે ૧૦ મુદ્દાનો ઠરાવ કરાયો હતો અને તેનો અમલ કરવામાં આવે તે માટે સરકારમાં જણાવાયું હતું. આ ઠરાવ બાદ સરકાર પણ આ મુદ્દાઓને લઈને સક્રિય બની છે. અધિવેશનમાં ૧૦ મુદ્દા અંગે ઠરાવ કરવામાં આવ્યો હતો જેમાં એક મુદ્દો શિક્ષણ વિભાગને સીધો સ્પર્શતો હોઈ તે અંગે શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી કરવાની કવાયત શરૂ કરી છે. મધ્યાહ્ન ભોજન યોજનામાં હાલમાં પણ રાજ્યની અમુક સ્કૂલોમાં આભડછેટ જોવા મળે છે. બે વર્ષ પહેલા શિક્ષણ વિભાગના ગાંધીનગરમાં મળેલા અધિવેશનમાં એક ઉચ્ચકક્ષાના અધિકારીએ પણ રાજયમાં મધ્યાહ્?ન ભોજન યોજનામાં આભડછેટ હોવાનું કબૂલ્યું હતું. ઉચ્ચ વર્ણના વિદ્યાર્થીઓ મધ્યાહ્?ન ભોજન લે ત્યાર બાદ જ અન્ય વર્ણના વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન આપવામાં આવતું હોવાનું પણ બહાર આવ્યું હતું. આ ઉપરાંત સ્કૂલોમાં પાણીના માટલાં અને પ્યાલાં પણ જુદા રહેતા હોવાનું જણાયું હતું. જેના પગલે આ મુદ્દે અધિવેશનમાં ઠરાવ કરવામાં આવ્યો હતો. અધિવેશનમાં કરવામાં આવેલા ઠરાવ પ્રમાણે, શાળામાં મધ્યાહ્ન ભોજનમાં વિદ્યાર્થીઓને નંબર પ્રમાણે એક જ હરોળમાં બેસાડવાનું સરકાર ફરજિયાત કરે. ઉપરાંત જે સ્કૂલમાં પાણીના માટલાં અને પ્યાલાં અલગ અલગ રાખવામાં આવતા હોય કે અન્ય કોઈ પણ પ્રકારની આભડછેટ જણાય તો સ્કૂલના મુખ્ય શિક્ષક સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે. આ ઠરાવના પગલે શિક્ષણ વિભાગ દ્વારા રાજયના તમામ ડીઈઓને પરિપત્ર મોકલી આ ઠરાવ પ્રત્યે યોગ્ય કાર્યવાહી કરવા માટે જણાવ્યું હતું. જેના પગલે ડીઈઓએ પણ તેમના તાબાની સ્કૂલોમાં ઠરાવ અંગે કાર્યવાહી કરવા માટે આદેશ આપ્યો છે. આમ, સ્કૂલોમાં મધ્યાહ્ન ભોજનમાં વિદ્યાર્થીઓને થતી આભડછેટ દૂર કરવા માટેનો પ્રયાસ કરાયો છે.

## ૨૦૨૦થી પર્યટકો માટે ખુલશે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન : એક રાતનું ભાડું ૨૫ લાખ

ગાંધીનગર, તા. ૯

અમેરિકન સ્પેસ એન્જન્સી નાસાએ કહ્યું છે કે, ૨૦૨૦ સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)ને પર્યટકો માટે ખોલી દેવામાં આવશે. એટલે કે અંતરિક્ષમાં રિસર્ચ સિવાય પણ હવે લોકો ISS પર રોકાઈ શકશે. રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે ISSનું એક રાતનું ભાડું ૩૫ હજાર ડોલર (અંજારે રૂ. ૨૫ લાખ) હશે.

નાસાના ચીફ ફાઈનાન્સ ઓફિસર જેફ ડીવિટે શુક્રવારે જણાવ્યું કે, એજન્સી હવે જીજીને આર્થિક લાભ માટે પણ ખોલી રહી છે. અમે તેનું માર્કેટિંગ પણ કરીશું. વર્ષ ૨૦૨૦ પછી દર વર્ષે ઓછામાં ઓછા બે મિશન થશે. તેમાં પર્યટકોને ૩૦ દિવસ સુધી ISS પર રોકાવાની ઓફર આપવામાં આવશે. દર વર્ષે ૧૨ અંતરિક્ષ યાત્રી સ્પેસ પર જઈ શકશે. નાસાની યોજનાને એલન મસ્કની સ્પેસ-એક્સ અને બોઈંગ જેવી કંપની અમલમાં લાવશે. બંને કંપની અંતરિક્ષમાં જવા માટે ટ્રાન્સપોર્ટ વ્હીકલ તૈયાર કરે છે. સ્પેસ-એક્સે તાજેતરમાં જ તેમના ક્રૂ ડ્રેગન કેપ્સૂલનો ટેસ્ટ કર્યો હતો. જયારે બોઈંગ પણ સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટ ટેસ્ટ કરી રહી છે. કંપનીઓ કોન્ટેસ્ટ દ્વારા અંતરિક્ષ યાત્રા માટે લોકોની પસંદગી કરી રહી છે. અત્યારે ISS પર જવા-આવવાનું ભાડું ૫.૮ કરોડ ડોલર (૪૦૨ કરોડ રૂપિયા) રાખવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



કિરીટ પ્રજાપતિ
મો. ૮૪૦૧૮ ૯૩૬૭૮



જ્યોત્સ્નાબેન
જગદીશકુમાર શ્રીમાળી



લક્ષ્મીબેન
નરેશભાઈ પરમાર
મો. ૯૧૫૭૬ ૬૯૧૨૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધીજીનો વિનોદ

॥ ૫૩મો મણકો ॥

### ૧૨૯ - હું મહાત્મા છું

નોઆખલીની શાંતિયત્રા દરમિયાન જવાહરલાલજી ગાંધીજીને મળવા આવ્યા હતા. તેઓ ગાંધીજીના મુકામે્ ધરાતે પહોંચ્યા ત્યારે ગાંધીજી ઊંઘતા હતા. તેમને ખલેલ પાડ્યા વિના જવાહરલાલજી પણ ચૂપચાપ સૂઈ ગયા.




સવારે તેઓ ગાંધીજીને મળવા ગયા ત્યારે તેમને ઠપકો આપતા હોય એમ બોલ્યા,

બાપુ ! આવો આકરો તમારો ‘એકલો જાને રે’ પ્રવાસ !

ગાંધીજી ખડખડાટ હસીને બોલ્યા,

હું મહાત્મા છું તે તમે કેમ ભૂલી ગયા ?

આકરી કસોટીમાં પણ ગાંધીજીના હાસ્યરસનું ઝરણું વહ્યા જ કરતું હતું.

### ૧૩૦ - બે પુરુષો અને એક દડો

ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા હતા ત્યારે કામનો એટલો બધો બોજો હતો કે તેઓ માંડ ત્રણ કલાકની ઊંઘ લેતાં છતાં સમય કાઢી કેટલીક સંસ્થાઓ જોવા પમ ગયા હતા. લંડન, કૅમ્બ્રિજ, ઑક્સફર્ડ યુનિવર્સિટીઓની મુલાકાત પણ તેમણે લીધી હતી.

ઑક્સફર્ડ ગયા ત્યારે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હિંદી વિદ્યાર્થીઓ રમતા હતા. ત્યાં ગાંધીજી થોભ્યા અને બોલ્યા,

ટૅનિસ રમી રહ્યા લાગે છે.

એક હિંદી વિદ્યાર્થીએ ગાંધીજીની ભૂલ સુધારતાં કહ્યું,

નહીં મહાત્માજી. આ ટેનિસ નથી પણ પિંગપોંગ છે.

ગાંધીજીએ વળતી રમૂજ કરી.

કંઈક એવું જ. બે પુરુષો અને એક દડો.

### ૧૩૧ - એ પદ યુવાનો માટે સુરક્ષિત

એક પત્રકાર પરિષદમાં ગાંધીજી વિવિધ પ્રશ્નોના જવાબો આપી રહ્યા હતા.

ત્યારે તેમને પૂછવામાં આવ્યું, ભારત સ્વતંત્ર થયા પછી તેના પહેલા વડાપ્રધાન થવાનું આપ સ્વીકારશો ?

ગાંધીજી : ના જી. એ પદ તો યુવાનો માટે સુરક્ષિત રહેશે.

પત્રકાર : ધારો કે લોકો આપને વડાપ્રધાન થવાનું દબાણ કરે તો આપ શું કરો ?

ગાંધીજી : હું તમારા જેવા પત્રકારોની પાછળ છુપાઈ જઈશ.

ગાંધીજીના વિનોદી હાજરજવાબીપણાથી આખી પરિષદમાં સ્મિતની લહર પ્રસરી ગઈ.



‘ગાંધીજીનો વિનોદ’ પુસ્તકમાંથી સાભાર